# મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,

**ત્રીજો માળ, કોર્પોરેટ ઓફીસ,સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ,વડોદરા-૩૯૦૦૦૭**

## જાહેર વિજ્ઞપ્તિ

સરકારશ્રી દ્વારા COVID-૧૯ ને ફેલાતો રોકવા માટે લેવામાં આવી રહેલ પગલાઓને સમર્થન આપવાના હેતુસર મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ નીચેના પગલાઓની જાહેરાત કરે છે.

**મીટરનું વાંચન અને બિલિંગ:** COVID-૧૯ ને ફેલાતો રોકવા, જો મીટર રીડર આપના મીટર નું વાંચન ન લઈ શકે તેવા સંજોગો માં GERC દ્વારા પ્રકાશિત સપ્લાય કોડ ની કલમ (૬.૫૭) મુજબ કરવામાં આવેલ જોગવાઈઓ અનુસાર કંપનીએ અગાઉનાં વીજ વપરાશ નાં આધારે અંદાજીત બીલ આપવાનું રહે છે. આ પ્રકાર ની સ્થિતિ માં જરૂરી વધઘટ ત્યાર પછીની બિલીંગ સાયકલમાં કે જ્યારે અમો હકીકતમાં મીટર નું વાંચન કરી શકીએ ત્યારે સરભર કરવામાં આવશે.

આપના બીલની વિગત કપનીમાં રજીસ્ટર થયેલ મોબાઈલ નંબર પર મળી રહેશે તેમ છતાં ગ્રાહક ને જો વીજ બીલ ન મળેલ હોય અને તેમને જરૂરીયાત હોય તેવા સંજોગોમાં મોબાઈલ નંબર ૯૯૨૫૨ ૧૮૦૦૨ પર આપનો ગ્રાહક નંબર whatsapp કે sms કરવાથી, બીલ ની માહિતી કંપની દ્વારા પૂરી પાડવામાં આવશે. ગ્રાહક પોતાના મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી www. Mgvcl.com પર જઈને રજીસ્ટર / અપડેટ કરી શકશે. વધુ માં જો બીલની નકલ ની જરૂરીયાત હોય તો ઉપર જણાવેલ નંબર પર ગ્રાહક નંબર અને ઈ-મેઈલ આઈડી whatsapp કે sms કરવાથી, બીલ ની માહિતી ઈ-મેઈલ દ્વારા કંપની દ્વારા પૂરી પાડવામાં આવશે. કંપની મુશ્કેલી નાં આ સમયગાળામાં પણ આપને ઉચ્ચ ગુણવત્તાસભર અને વિક્ષેપ રહિત વીજ-પુરવઠો પૂરો પાડવા માટે શક્ય એટલા તમામ પ્રયત્નો કરશે એવો ભરોસો આપે છે. મહેરબાની કરીને સુરક્ષિત અને તંદુરસ્ત રહો. આપના સહકાર અને સમજદારી બદલ આભાર

ગ્રાહકો ને આ માર્ગદર્શિકા અંગે તેમના મિત્રો તેમજ પરિવાજનો ને જાણ કરવા વિનંતી જેથી અસુવિધાઓને ટાળી શકાય અને જાગૃતિ લાવી શકાય.

**મહા પ્રબંધક (નાણા) એમજીવીસીએલ, વડોદરા**